**પોરબંદરના ત્રીજા અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. પોરબંદર**
**<u>ફોજદારી કેસ નંબર :– ૪૧૪૬–૨૦૧૯</u>**
**આંક :– ૬**

| | |
|---|---|
| શ્રી સરકાર | **ફરીયાદી** |

**<u>વિરૂધ્ધ.</u>**

| | |
|---|---|
| રાજુ ઉમેર લાડક ઉ.વ.૨૪ રહે–ચીંગરીયાા ગામ તા.જી. પોરબંદર | **આરોપી** |

**ગુન્હો :– બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬–બી, ૬૫–ઈ મુજબ**
**–:: <u>ચૂ કા દો</u> ::–**

**(૧).** આ કામના ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીએ આ કામના ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે તેમાં જણાવ્યા મુજબ દારુના જથ્થા સાથે મળી આવેલ હોય, **બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬–બી, ૬૫–ઈ** મુજબનો ગુન્હો કરેલ હોય, આરોપીની અટક કરી, પોલીસ તરફથી ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપીને કેસની નકલો આપવામાં આવેલ છે. આરોપી ગુનાની કબુલાત કરતો હોય તે અંગે તેનો જવાબ નોંધેલ છે તેમજ આ કામે આરોપીએ **આંક–૪** થી ગુન્હા કબુલાત પુરસીસ આપી ગુન્હાની સ્વેચ્છીક કબુલાત કરેલ છે.

**(૨).** આરોપીએ પોતાની રજુઆતમાં જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેમના પર છે. આ તેમનો પ્રથમ ગુન્હો અજાણતા થયેલ હોય તેમ જણાવી દયાની માંગણી કરે છે. I had taken into consideration the ratio laid down by the Hon'ble Gujarat High Court in it's decision delivered in case **<u>of STATE OF GUJARAT V/s. NATWAR HARCHANDJI THAKOR</u>** (CORAM : Hon'ble Dr. Justice J. N. Bhatt and Hon'ble Mr. Justice D.N. Patel) આરોપીને સજા અને દંડ અંગે સાંભળ્યા. આરોપીની વય, કુટુંબની જવાબદારી, કોર્ટ સમક્ષ દયાની માંગણી અને કેસના રેકર્ડ પરના સંજોગો, આરોપીની કબુલાત, આરોપીની સ્થિતિ તેમજ આરોપીએ કરેલ ગુનાનું સ્વરુપ તેમજ તમામ પરિબળોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી જણાય છે. તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમાં લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૫૨ મુજબ આ કામના આરોપી રાજુ ઉમેર લાડક ઉ.વ.૨૪ રહે–ચીંગરીયાા ગામ તા.જી. પોરબંદરવાળાને ધી **બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬–બી, ૬૫–ઈ** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂપિયા ૧૫૦ અંકે રૂપિયા એકસો પચાસ પુરાનો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિવસ–૩(ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૪ માહે– ડિસેમ્બર, સને – ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– પોરબંદર
તારીખ :– ૧૪/૧૨/૨૦૧૯

**(વિરેન્દ્ર શશીકાન્તભાઈ દવે)**
ત્રીજા અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
પોરબંદર
**CODE NO. GJ 01138**

---

**<u>STATE OF GUJARAT V/S. NATWAR HARCHANDJI THAKOR</u>** , 2005 (1) G.L.R. Page No. 709, = Cr. Appeal No. 477, 843, 891, 892, 896, 897, 989/02 and Cri. Appeal No.265/03, Order Dated 22/02/2005.